

## પાલનપુર રેલવે પ્લેટફોર્મ પર ચોખાની બોરીઓમાં આગ લાગતા અફડાતફડી મચી

પાલનપુર રેલવે જંકશન પ્લેટફોર્મ નં. ૮ પર ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાના ગોડાઉન પાસે ખુલ્લામાં પડેલી ચોખાની બોરીઓમાં અચાનક આગ લાગતા ભારે અફડાતફડી મચી જવા પામી હતી. રેલવે પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર પાલનપુર રેલવે જંકશન પર ગુડ્ઝ ટ્રેનોના માલ ગોડાઉન નજીક બપોર બાદ પ્લેટ ફોર્મ નં. ૮ પાસે ચોખાની ૧૫૦૦ જેટલી બોરીઓ ખુલ્લામાં પડી હતી. તે દરમ્યાન રેલેવના પાટાનું કટીંગ કરવાનું કામ ચાલુ હોવાથી કટીંગના ઉડેલા તણખાથી બોરીઓ આગમાં લપેટાઈ જવા પામી હતી. ઘટનામાં ધુમાડાના ગોટેગોટા ઉડવાથી સ્થાનિકો તેમજ આર.પી.એફ. જવાનો ઉપસ્થિત થઈ ગયા હતા અને ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરાતા ફાયર દ્વારા પાણીનો મારો ચલાવવાથી આગ ઝડપથી કાબુમાં આવી ગઈ હતી. (હરેશ જી. જોષી, પાલનપુર)

# સાબરકાંઠામાં સોળે કળાએ ખીલી ઉઠી લગ્નની મોસમ

હિંમતનગર, તા.૧૯

સાબરકાંઠા જિલ્લામાં દેવ દિવાળીની ઉજવણી બાદ શિયાળુ લગ્નોત્સવની સીઝન સોળે કળાએ ખીલી ઉઠી છે. તુલસી વિવાહ બાદ શુભ મુર્હુતમાં લગ્ન પ્રસંગોનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે આગામી તા. ૧૨મી ડિસેમ્બર સુધી શુભ મુર્હુતમાં લગ્નો યોજાશે. સાબરકાંઠા જિલ્લામાં દેવ દિવાળી બાદ લગ્નની સીઝન પુરબહારમાં ખીલી ઉઠતા લગ્નસરા સંબંધી ચીજવસ્તુઓની ખરીદી માટે બજારોમાં ગ્રાહકોની ચહલપહલ જોવા મળી છે. દિવાળી પર્વની મંદી બાદ લગ્નસરાની સીઝન ખુલતા વેપારીઓના ચહેરા પર ખુશી જોવા મળી રહી છે. સોના-ચાંદી, કાપડ, ગૃહ ઉપયોગી ચીજવસ્તુઓની ખરીદી કરતા ગ્રાહકોથી બજારોમાં ચહલપહલ જોવા મળી રહી છે. તુલસી વિવાહને દેવ દિવાળી પર્વ બાદ તા. ૧૮મી નવેમ્બરને સોમવારથી શરુ થયેલા લગ્ન સમારંભોથી પાર્ટી પ્લોટ તથા વાડીઓમાં ભારે ભીડ જોવા મળી રહી છે. આ અંગે હિંમતનગરમાં વૈદિક પૂજા કર્મ કરાતા આશિષ મહારાજે એક વાતચીતમાં જણાવ્યું હતું કે કારતક માસમાં લગ્નના શુભ મુર્હુતો હોવાથી લોકોએ લગ્ન મહોત્સવનું આયોજન કર્યું છે. તા. ૧૮મી નવેમ્બરથી લગ્ન ઉત્સવનો પ્રથમ તબક્કો શરુ થયો છે. તા. ૧૮ નવેમ્બરથી તા. ૧૨ ડિસેમ્બર સુધીના ૨૪ દિવસોમાં લગ્ન માટેના ૧૫ શ્રેષ્ઠ મુર્હુતો છે. તા. ૧૪મી જાન્યુઆરી બાદ ધનારદ, કમુરતા હોવાથી લગ્નના એક પણ મુર્હુત નથી.

લગ્નસરાની સીઝન શરૂ થતા જિલ્લામાં કેટરીંગ, ડેકોરેશનના ધંધાર્થીઓ વ્યસ્ત બની ગયા છે. મોટા ભાગના શહેરોમાં પાર્ટી પ્લોટમાં લગ્ન સમારંભો યોજાઈ રહ્યા છે ત્યારે વિવિધ ફુલોની માંગોમાં પણ વધારો થયો છે. લાઈટીંગ ડેકોરેશન, બેન્ડવાજા, ગોરમહારાજની માંગ વધુ જોવા મળી રહી છે.

(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)



## ડીસામાં સ્વ. ઈન્દીરા ગાંધીની જન્મજયંતિની ઉજવણી

ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન સ્વ.ઈન્દીરા ગાંધીની જન્મજયંતિ નિમિત્તે ઠેરઠેર શ્રધ્ધાંજલીના કાર્યક્રમો યોજાયા હતા. ત્યારે ડીસા શહેરમાં પણ ઈન્દીરાભવન ખાતે સ્વ.ઈન્દીરા ગાંધીને શ્રધ્ધાંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ કોંગ્રેસ દ્વારા યોજાયો હતો. ડીસા શહેરમાં ઈન્દીરા ભવન ખાતે સ્વ.ઈન્દીરા ગાંધીને શ્રધ્ધાસુમન અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શહેર કોંગ્રેસ પ્રમુખ દિપક પટેલ, પાલીકા પૂર્વ પ્રમુખ પ્રકાશ ભરતીયા, પ્રકાશ ઠક્કર, અશ્વિનભાઈ પરમાર, અશોકભાઈ ઠક્કર, દિવ્યા પંચાલ, જ્યોત્સનાબેન બારોટ વગેરેએ ઈન્દીરા ગાંધી અમર રહોના નારા લગાવી તેમની શહાદતને બિરદાવી હતી. અને તેમના મહાન કાર્યને યાદ કર્યા હતા.

# સાબર ડેરીના બોર્ડમાં માલધારી સમાજની એક બેઠક અનામત રાખવા માંગણી

તલોદ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે આવેલ 'સાબર ડેરી'ની વહિવટી સમિતિ (બોર્ડ)માં માલધારી સમાજની એક બેઠક અનામત રાખવામાં આવે તેવી માંગણી કરતો એક પત્ર માલધારી સમાજના ઉપક્રમે તલોદ તાલુકાના માધવગઢ ગામની દૂધમંડળીના ચેરમેન ગાંડાભાઈ જાયમોલભાઈ દેસાઈએ રાજ્યના મુખ્યમંત્રીથી માંડી લાગતા વળગતા એકમોને પાઠવ્યો છે.

પશુપાલનના વ્યાપક વ્યસાય સાથે જોટાયેલા માલધારી (રબારી) સમાજનું અત્યંત મહત્વનું યોગદાન સાબરડેરીના વિકાસમાં હોવાનો દાવો કરીને આ સમાજની ચૂંટણી પૂર્વે અને ચૂંટણી બાદ પણ ઉપેક્ષા થતી હોવાનો પણ દાવો પત્રમાં કરવામાં આવેલ છે.

નોંધનીય છે કે સાબરડેરીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણીની પ્રક્રિયા અદાલતના દ્વારે જઈ ચડી છે. આવનાર નજીકના ભવિષ્યમાં સાબરડેરીના વહિવટીતંત્રના ૧૬ સભ્યોની ચૂંટણી યોજાનાર છે. જેમાં જિલ્લાના ૧૩ તાલુકાના ૯૧૫ મતદારો પોતાના મૂલ્યવાન મતાધિકારનો ઉપયોગ કરશે. ત્યારે આ ચૂંટણીમાં માલધારી સમાજને માટે એક બેઠક અનામત ફાળવવામાં આવે તેવી માંગ કરવાની માલધારી સમાજને ફરજ પડી છે. સમાજની આ માંગ વાજબી અને યોગ્ય હોવાનું લીલાભાઈ દેસાઈ (ગભીરપુર) તથા ખોડાભાઈ દેસાઈ (તલોદ)એ પણ સમર્થન આપેલ છે.

# તલોદ અને બાયડને જોડતો વાયા સલાટપુર બડોદરા માર્ગ બિસ્માર હાલતમાં

તલોદ, તા. ૧૯

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાને જોડતા તથા તલોદ અને બાયડ તાલુકાને જોડતા સલાટપુર-બડોદરા વાળો રોડ અને તંત્ર પણ જાણે કે જીવલેણ અકસ્માતની રાહ જોઈ રહ્યું હોય તેમ ભાસી રહ્યું છે. અતિ ભારે ખાડાથી લગભગ નષ્ટ થઈ ચુકેલો આ રોડ માર્ગની હાલત થકી પ્રજા અસહ્ય આપદાની ભોગ બની છે. આખા રોડ માર્ગની અતિ ભારે દુર્દશાએ આમ પ્રજાની અને વાહનચાલકોની હાલત કફોડી જ નહીં પરંતુ ભારે દયનીય બનાવી દીધી છે. ચલોદથી સલાટપુર અને ત્યાંથી જવાનપુર થઈ છેક બાયડ પહોંચતા આ રોડની હાલત એટલી હદે ભંગાર થઈ ગઈ છે કે, તે રોડ પરથી પસાર થતા તમામ વાહનચાલકો, રાહદારીઓ અને ભારવાહક લારીઓ સાથે જોડાયેલા ઊંટ અને બળદ જેવા પશુઓ પણ અસહ્ય યાતનાનો ભોગ બની રહ્યા છે. લોકોના જાનમાલને પારાવાર નુકશાન પહોંચાડતા આ માર્ગની હાલત પ્રતિ રાજ્ય સરકારના જવાબદાર તંત્રને જાણે કે કાંઈ જ પડી ન હોય તેવી સ્થિતિનું અહીં નિર્માણ થયુ છે. મસમોટા પડેલા ખાડાને ઢાંકવા કપચીના ઢગ ઠાલવી દઈ તે કપચી રોડ ઉપર પાથરી દેતાં વાહનચાલકોની મુશ્કેલીમાં અનેક ગણો વધારો થયો છે. સ્કૂટર, બાઈક અને સાયકલ જેવા વાહન ચાલકોની અહીં ભારે કફોડી હાલત થવા પામી છે. જ્યાં રોજના બે-ત્રણ વાહન ચાલકો રોડ પર પટકાઈ પડતા હોવાનું પણ જાણવા મળેલ છે.

તાલુકા મથક તલોદ ખાતેની કોલેજ તરફથી સલાટપુર ચાર રસ્તા થઈ જવાનપુર, સિમલીયા, બડોદરા, પનાપુર, તેનપુર, આંબલીયારા અને બાયડ તરફ જતા આ રોડ માર્ગની હાલત હાડપિંજર કરતાંય ભુંડી થવા પામી છે. તાજપુર કેમ્પ ખાતેની મેશ્વો નદીના ક્ષતિગ્રસ્ત પુલવાળો માર્ગ ભારે વાહનો માટે બંધ કરી દેવામાં આવતા તેવા વાહનોનો ટ્રાફિક આ રોડના ડાયવર્ઝન માર્ગ ઉપરથી સતત દોડ્યો હોઈ આખા માર્ગની આવી હાલત થવા પામી છે. તાલુકાને જોડતા અન્ય સંખ્યાબંધ માર્ગોની હાલત પણ કફોડી થઈ હોવાની પણ બુમરાણ મચી છે.

આગામી દિવસોમાં શાળા, કોલેજો ખુલશે ત્યારે ટુ વ્હીલર લઈ તલોદ તરફ આવન-જાવન કરતા વિદ્યાર્થીઓને પણ અહીં ભારે આપદાનો સામનો કરવો પડશે તેમ મનાઈ રહ્યું છે. જવાનપુર ગામના અગ્રાણી ખેડૂત શાંતુભાઈ પટેલ તથા અરવિંદ પટેલ અને સિમલીયાના રણછોડભાઈ દેસાઈએ પણ આ માર્ગની દુર્દશા પ્રતિ સરકારનું જવાબદાર તંત્ર બેજવાબદારી દાખવતુ હોવાનો દાવો કર્યો છે. રોડ, રસ્તા પાણી અને વીજળી બાબતે અન્ય રાજ્યોમાં ગુજરાતનું ચિત્ર 'બેનમૂન' દર્શાવવામાં આવે છે. ત્યારે ઉક્ત માર્ગો સાથે અને તેવા અન્ય માર્ગો સાથે સંકળાયેલા હજારો લાખો ત્રાહિમામ પ્રજાજનો તે ચિત્ર વાસ્તવિકતાથી પર હોવાનો દાવો કરી રહ્યા છે.

# મોડાસાની આનંદવીલામાં ધાડપાડુઓએ મચાવ્યો આતંક

## આજુબાજુના મકાનો બહારથી બંધ કરી વન અધિકારીના પરિવાર પર ઘાતક હૂમલો કરી લૂંટ મચાવી

મોડાસા, તા. ૧૯

મોડાસા-માલપુર રોડ ઉપરના સહયોગ બાયપાસ સર્કલ નજીક આવેલ આનંદવીલા રેસીડેન્સીમાં તા. ૧૭ નવેમ્બર રવિવારની રાત્રીએ ત્રાટકેલા ધાડપાડુઓએ વનખાતાના અધિકારીના બંગલામાં ઘુસી તેમના પરિવાર સાથે મારામારી કરીને સોના-ચાંદીના દાગીનાની લૂંટ ચલાવતા મોડાસાના રહીશોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.

મોડાસાના ખલીકપુર પંચાયતની હદમાં બંધાયેલ તીરૂપતિ આનંદવીલા રેસીડેન્સીમાં રવિવારની રાત્રીએ ચડ્ડી બનીયન ધારી ગેંગે આંતક મચાવ્યો હતો. રેસીડેન્સીમાં આવેલ ૧૦૦ થી વધુ મકાનો પૈકી બંગલાના નં. ૮૧માં રહેતા વનખાતાના અધિકારીના ઘરને નિશાન બનાવી ઘરના દરવાજા ઉપર વજનદાર પથ્થરનો ઘા કરી દરવાજો તોડી અંદર પ્રવેશેલા ધાડપાડુઓએ પોતાની સાથે લાવેલા લોખંડના પાઈપ, પાવડા, સળીયા અને સેન્ટીંગમાં વપરાતા દંડા વડે ઘરમાં સૂતેલા આર.એફ.ઓ. ખીમજીભાઈ નાનજીભાઈ બરંડા, તેમના પત્નિ જ્યોતિકાબેન, પુત્ર હિરેન અને ઘરે આવેલા મહેમાનને આડેધડ માર મારી જર-જવેરાતની લૂંટ ચલાવતા સમગ્ર પંથકમાં ભારે સનસનાટી ફેલાવા પામી છે. પરિવારની બુમાબુમ સાંભળીને મદદે આવેલા લોકો પર પથ્થરમારો કરી ધાડપાડુઓ નાસી છુટ્યા હતા. ઘાયલ થયેલા પરિવારના ૪ સભ્યોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# પાલનપુર રેલવે સ્ટેશનનો માર્ગ પર લારીઓવાળાઓનો બથામણો કબ્જો

પાલનપુર, તા. ૧૯


પાલનપુરના મુખ્ય માર્ગ એવા સીમલાગેટથી રેલવે સ્ટેશનનો ડબલ માર્ગ પર શાકભાજી, ફ્રુટ તથા અન્ય ચીજવસ્તુઓની વેચાણ કરતા લારીઓવાળાઓએ દબાણો અને કબ્જો કરતા આ માર્ગ ડબલ હોવા છતાં રાહદારી પણ ચાલી શકતો નથી. વાહનોની અવરજવર હોય છે. ત્યારે ચક્કાજામના દૃશ્યો સર્જાય છે. લારીઓવાળા બેરોકટોક માર્ગની વચ્ચે ઉભા રહીને વેપાર કરી રહ્યા છે. વેપારીઓ રાહદારીઓ વાહનચાલકો પણ ત્રાસી ગયા છે. એસ.પી.ના લોક દરબારમાં અનેકવાર આ માર્ગની ટ્રાફીક સમસ્યાના નિકાલની વાત કરવાય છે. અમલ માત્ર બે દિવસ થાય છે. ફરી સમસ્યા ઉદભવે છે.

# સીમલીકંપાની શાંતિનાથ કવૉરીની ખાણમાં બાઈક ખાબકતા એકનું મોત

## રોડ સાઈડે આવેલી કવૉરીની ખાણોને ફેન્સીંગ કરવાની તાતી જરૂરિયાત

ધનસુરા, તા.૧૯

ધનસુરા તાલુકાના સીમલીકંપામાં આવેલ શાંતિનાથ



કવોરીની ખાણમાં એક મોટરસાઈકલ આકસ્મિક રીતે ખાબકતાં બે સવાર પૈકી એકનું ઘટના સ્થળે કરુણ મોત નીપજયું છે. જયારે બીજાને ગંભીર ઈજાઓ થવા પામી છે. ઘાયલ વ્યકિતને તાત્કાલિક ૧૦૮ બોલાવી ધનસુરા રેફરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ પરંતુ ગંભીર ઈજાઓ હોવાથી વધુ સારવાર અર્થે મોડાસા ખસેડવામાં આવેલ છે.

આ અકસ્માતની જાણ ધનસુરા પોલીસ સ્ટેશને કરાતા પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી પંચનામું કરી અકસ્માતનો ગુનો દાખલ કરી મૃતકની લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી. ધનસુરા પીએસઓના જણાવ્યા અનુસાર મૃતકની માલપુર તાલુકાના કોઠી ગામના સોમાભાઈ ભુરાભાઈ પગી તરીકે ઓળખ થવા પામી છે.

રોડની સાઈડે નજીકમાં જ અનેક કવોરીઓ આવેલી છે પરંતુ આસપાસમાં સલામતી માટે ફેન્સીંગ કરવામાં આવેલ ના હોવાથી નાના મોટા અકસ્માતના અસંખ્ય બનાવો બનતા રહે છે. જો આ ખાણોને ફેન્સીંગથી સુરક્ષિત કરાય તો કેટલાય વાહનચાલકો અને નિર્દોષ મુસાફરોનો જીવ જોખમમાં મુકાતો બચાવી શકાય તેમ છે.



ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામથી દક્ષિણે ૨ કિ.મી. દૂર કરુન્ડા ગામમાં બક્ષીપંચ વણઝારા લોકોની વસ્તી છે. ત્યાં ગામમાં લગભગ ૫૦ થી ૬૦ જગ્યાએ તાલુકા પંચાયત ખેડબ્રહ્મા કચેરી દ્વારા છેલ્લા છ માસથી શૌચાલય બાથરૂમ વિગેરે બનાવવાની કોઈ યોજના ગોકળ ગાયની ગતિથી ચાલુ છે. નવાઈની વાત તો એ છે કે કોઈ જગ્યાએ ફક્ત શૌચાલય અથવા કોઈ જગ્યાએ ફક્ત ભડદાંની દિવાલ ચણીને બાંધકામ કર્યાનો આભાસ ઉભો કરાયો છે. એથી વધુ અચરત એ વાતનું છે કે આ કામમાં બીલ પણ ચુકવાઈ ગયાં છે તો કોના દ્વારા કેટલો ભ્રષ્ટાચાર થયો તે વાતનો તાગ મેળવવો પણ મુશ્કેલ છે. સત્તાધીશો આ બાબતની ક્યારે તપાસ કરી લોકોને શૌચાલય બાથરૂમની સગવડતા અપાવે છે તે જોવું રહ્યું. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

# ભિલોડા તાલુકાના હાથીયા ગામમાં ખેડુત પરીવારના ત્રણ સભ્યોને ભમરા કરડતાં સારવાર અર્થે ખસેડાયા

ભિલોડા,તા.૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના હાથીયા ગામમાં ખેડુત પરીવારના ત્રણ સભ્યોને ભમરા કરડતાં સારવાર અર્થે ભિલોડા કોટેજ હોસ્પિટલમાં ખસેડાયા હતા. હાથીયા ગામમાં ખેડુત પરીવારના ત્રણ સભ્યો ખેતરમાં ખેતી કામ કરતા હતા તે દરમ્યાન ભમરા કરડતાં રીંકુબેન બોડાત, હસમુખભાઈ બોડાત, રાહુલભાઈ બોડાતનો ભોગ લેવાયો હતો ત્યારે તેમણે જોરશોરથી બુમાબુમ કરી મુકતાં હાથીયા સીમવિસ્તારના ખેડુતો તેમજ ગ્રામજનો એકા-એક ભેગા થઈ ગયા હતા.

ખેતરમાં ખેતીકામ કાજ દરમ્યાન ભમરા કરડતાં એક જ પરીવારના ત્રણ સભ્યોનો ભોગ લેવાયો હતો. હાથીયા ગામના ગ્રામજનો ધ્વારા ભોગ બનેલ વ્યક્તિઓને ભિલોડા કોટેજ હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયેલ હતા. ભિલોડા કોટેજ હોસ્પિટલના મેડીકલ ઓફીસરોએ સારવાર કરતાં હાથીયા ગામના ખેડુત પરીવારના ત્રણ સભ્યોની તબીયત સારી હોવાનું જાણવા મળેલ છે.

# ભિલોડા તાલુકાના ટાકાટુકા ગામમાં શ્રી નાગણેશ્વરી માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને નવકુંડી દેવી મહાયજ્ઞ યોજાયો

ભિલોડા,તા.૧૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ટાકાટુકા ગામમાં શ્રી નાગણેશ્વરી માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને નવકુંડી દેવી મહાયજ્ઞ યોજાયો. શ્રી નાગણેશ્વરી માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને નવકુંડી દેવી મહાયજ્ઞનો શુભારંભ તા.૧૫/૧૧/૨૦૧૩ ને શુક્રવારના રોજ યોજાયો હતો. પુર્ણાહુતી તા.૧૭/૧૧/૨૦૧૩ ને રવીવાર યોજાઈ હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટ્યા હતા મહાપ્રસાદીનો લાભ મેળવી ભાવિક ભક્તો ધન્ય બન્યા હતા. ભિલોડા તાલુકાના ટાકાટુકા ગામમાં શ્રી નાગણેશ્વરી માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અને નવકુંડી દેવી મહાયજ્ઞ કાર્યક્રમ સફળ બનાવવા સમસ્ત રાઠોડ (રાજપુત) પરીવાર તથા ટાકાટુકા ગામના ગ્રામજનો ધ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી હતી.

# હિંમતનગર પાલિકાના પૂર્વ ચીફ ઓફીસરનું નિધન

હિંમતનગર નગરપાલિકાના પૂર્વ ચીફ ઓફિસર ભરતભાઈ ગૌરીશંકર રાવલનું મંગળવારે ટૂંકી માંદગી બાદ દુ:ખદ અવસાન થયું છે. જેમની અંતિમ યાત્રામાં સ્નેહીજનો, શહેરના અગ્રાણીઓ તથા પાલિકાના પૂર્વ કર્મચારીઓએ ઉપસ્થિત રહી શ્રધ્ધાંજલિ અર્પી હતી.

# ચિત્રોડીની મહિલાને ત્રાસ આપતા ફરિયાદ

ખેડબ્રહ્મા તાલુકાના ચિત્રોડી ગામે રહેતા જીનાબેન રાજુભાઈ અંગારી શારીરિક અને માનસિક ત્રાસ આપતા પતિ વિરૂદ્ધ ફરીયાદ કરી હતી. ડાભીપુરાના જીનાબેનના લગ્ન ચિત્રોડી ગામના રાજુભાઈ નાણાભાઈ અંગારી સાથે થયા હતા. લગ્ન બાદ રાજુભાઈ દ્વારા અવારનવાર તુ મને ગમતી નથી કહી શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. અને છ માસ અગાઉ ઘરેથી ત્રાસ આપી કાઢી મુકેલ. તેને રાખતા ન હોઈ જીનાબેને તેના પતિ રાજુભાઈ વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી.

# આગીયા ગામની પરણિતા ગુમ

ખેડબ્રહ્મા, તા. ૧૯

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામના ભરતભાઈ ઈશ્વરભાઈ ચેનવાના પત્નિ નિલમબેન (ઉં.વ.આ. ૨૮) તા. ૮-૧૧-૨૦૧૩ના રોજ સાંજના સમયે ઘરેથી કોઈને કહ્યા વગર જતા રહેલા. જે અંગે તેમના પતિ ભરતભાઈએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને જાણ કરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૦૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામ મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેન્જ
EXIDE
કેસ્ટ્રોલ
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન